# બેંક ઓફ બરોડા એમ્પ્લોઈઝ યુનિયન, અમદાવાદ

(સંલગ્ન : ઓલ ઈન્ડીયા બેંક ઓફ બરોડા એમ્પ્લોઈઝ ફેડરેશન, મુંબઈ)

(સંલગ્ન : એન.સી.બી.ઇ.)

(રજી.નં. જી/૬૨૫) (રેકગ્નાઈઝડ યુનિયન)

C/o. બેંક ઓફ બરોડા, આશ્રમરોડ શાખા, અમદાવાદ.

---

તા.૦૨/૦૧/૨૦૧૯

**<u>સર્વે સભ્યો જોગ પરિપત્ર</u>**

ભાઈઓ તથા બહેનો

આપ સૌ બરોડીયન સાથી કર્મચારીઓ તથા આપનાં પરિવારને નવા વર્ષની શુભકામનાઓ. સને ૨૦૧૯ નું વર્ષ આપ સૌ તથા આપનાં પરિવારને સુખદાયી, ફળદાયી નિવડે તેવી શુભેચ્છાઓ.

આપ સૌ સાથીઓ જાણો છો કે તા. ૮ તથા ૯ જાન્યુઆરીનાં રોજ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો દ્વારા હડતાલનું એલાન આપવામાં આવેલ છે. મિત્રો આ અંગે જણાવવાનું કે આ હડતાલનું એલાન બેંકીગ ઈન્ડસ્ટ્રીનાં યુનીયન/એસોસીએશનના સંગઠન UFBU દ્વારા આપવામાં આવેલ નથી, તેમજ UFBU નાં કુલ નવ સંગઠનોમાંથી ફક્ત બે જ સંગઠનો જ આ હડતાલમાં જોડાવવાનાં છે. વધુમાં આ ૮ અને ૯ જાન્યુઆરીની હડતાલ પગાર વધારા તેમજ મર્જર/એમાલગમેશન માટેની નથી, પરંતુ કેટલાંક રાજકીય વિરોધ પક્ષો દ્વારા સરકારની નિતિઓ સામે હડતાલનું આયોજન કરવામાં આવેલ છે. આમ આ હડતાલ રાજકારણથી પ્રેરિત હડતાલ છે. અને આપણું સંગઠન બેંક ઓફ બરોડા એમ્પ્લોઈઝ યુનિયન (BOBEU) નું એફીલીએશન રાષ્ટ્રીય કક્ષાએ NCBE જેવા જાયન્ટ યુનિયન સાથે છે. જે એક નોન પોલિટીકલ ટ્રેડ યુનિયન છે, અને કોઈ પણ રાજકીય પ્રેરીત હડતાલમાં જોડાતું નથી, *માટે આ હડતાલમાં આપણું યુનિયન ભાગ લેવાનું નથી. જેની સર્વે સભ્યોએ નોંધ લેવી અને આપણાં તમામ સભાસદોને આ અંગેની માહિતી આપવી.* મિત્રો કેટલાંક સંગઠન તરફથી સુચિત ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૧૯ ની હડતાલ બેંક કર્મચારીઓનાં વેજ રીવીઝન તથા મર્જરનાં વિરોધ માટે છે. તેવી જાહેરાતો કરી બરોડીયન કર્મચારીઓને ગેરમાર્ગે દોરી રહેલ છે જેનાંથી તમામ સભ્યોએ સાવચેત રહેવા વિનંતી છે,

વધુમાં મિત્રો આપણાં UFBU દ્વારા બેંક કર્મચારીઓનાં પગાર વધારા સહિતની માંગણીઓ માટે હડતાલ પાડવામાં આવે છે ત્યારે કોઈ નેશનલ ટ્રેડ યુનિયન આપણને સાથ આપી હડતાલમાં જોડાતું નથી, જેનાંથી આપ સૌ સંપૂર્ણ માહિતગાર છો, *માટે જ આ હડતાલને આપણે મોરલ સપોર્ટ જાહેર કરીએ છીએ. પરંતુ હડતાલમાં જોડાવાનાં નથી જેની ખાસ નોંધ લેવી.*

(P.T.O)

આપ સૌ સભ્યોને ગૌરવ સાથે જણાવવાનું કે આપણુ ઓલ ઇન્ડિયા બેંક ઓફ બરોડા એમ્પ્લોઇઝ ફેડરેશન જેને બેંક ઓફ બરોડામાં બહુમતી ધરાવતું યુનિયન બેંક દ્વારા જાહેર કરવામાં આવેલ છે. અને ટુંક સમયમાં આપણી બેંક ઓફ બરોડાના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં વર્કમેન ડાયરેક્ટર તરીકે ફેડરેશનના એક સભ્યની નિમણૂંક ત્રણ વર્ષ માટે ડાયરેક્ટર તરીકે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

*અમને એ જણાવતા ખૂબજ આનંદ થાય છે કે મહારાષ્ટ્રનાં નાસિકનું એક આખુ દેના બેંકના કર્મચારીઓનું સંગઠન NCBE માં જોડાઇ ગયેલ છે, તેમજ અન્ય યુનિટો પણ NCBE નાં સંપર્કમાં છે. કેટલાંક વિરોધી યુનિયન દ્વારા જે બહુમતી માટે અપપ્રચાર કરવામાં આવે છે. તે તદ્દન વાહિયાત છે. તે ફક્ત બરોડીયન મિત્રોને ગેરમાર્ગે દોરવાનો એક પ્રયત્ન છે.*

આપ સૌ મિત્રોને જણાવતાં આનંદ થાય છે કે ત્રણે બેંકોનાં એકત્રિકરણની પ્રક્રિયામાં આપણી નં.૧ બેંક, બેંક ઓફ બરોડા ટ્રાન્સફરર બેંક તરીકેની મુખ્ય ભૂમિકામાં રહેશે. જ્યારે અન્ય બે બેંકો દેના બેંક તથા વિજયા બેંક ટ્રાન્સફરરી તરીકે રહેશે. આ એક બરોડીયન તરીકે આપણા માટે ગૌરવની વાત છે.

*મિત્રો આપણું સંગઠન મજબૂત બનાવવા માટે આપ સૌ સભ્યો તથા તમામ સાથી કર્મચારીઓને આ માહિતીથી વાકેફ કરશો, તેમજ કોઈ બરોડીયન ગેરમાર્ગે દોરાય નહી તેનું ધ્યાન રાખશો અને આપણું નોન પોલીટીકલ ટ્રેડ યુનિયન મજબૂત બનાવવા માટે તમામ સ્ટાફ મિત્રોને આપણાં સંગઠન **BOBEU** માં જોડાવવા માટે પ્રોત્સાહિત કરશો. તો ચાલો મિત્રો સાથે મળી બેંક અને બરોડીયન બન્નેની પ્રગતિમાં સહભાગી બનીએ.*

આ પરિપત્ર દરેક બરોડીયનને જરૂરથી વંચાવવો.

આપનો વિશ્વાસુ,

(ધીરજ દેસાઇ)
જનરલ સેક્રેટરી

Please visit : www.bobeufed.org for latest updates in banking.